અપીલ અરજી નં.૧૯૮ તા.૧૮–૯–૧૦/૧૧

અરજદાર:– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૮–૧૦ ની અરજીથી તા.૨૩–૭–૧૦ તથા તા.૬–૮–૧૦ થી કરેલ અરજીસામેલ છે. જેની કરેલ કાર્યવાહીની વિગતોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૦–૮–૧૦ ની અરજીથી તા.૨૩–૭–૧૦ તથા તા.૬–૮–૧૦ થી કરેલ અરજી સામેલ છે. જેની કરેલ કાર્યવાહીની વિગતોની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૭ તા.૨૭–૯–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)તથા અરજદારને અપીલ અરજી ૩૦માં દિવસે કરેલ છે. તે ધ્યાને લેતાં અપીલ કર્યા બાદ જો કોઈ માહિતી કે પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી તરફથી તેમને મળેલ હોય તો નકલ સહ જણાવવા તથા તે પછી કોઈ વિગતે નારજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૩૦ તા.૧૧–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ અરજદારની તા.૨૩–૭–૧૦ અને તા.૬–૮–૧૦ ના રોજ કરેલ ફરીયાદ અરજીની નકલ તેમજ કાર્યપાલક ઈજનેર અનેજાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અરજી તબદીલ કર્યા અંગેના પત્ર ન.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૪૪ તા.૨૧–૮–૧૦ ના પત્રની નકલ, તથા અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૨૬ તા.૧૧–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પત્રના સંદર્ભે અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી અરજદારે તા.૨૩–૭–૧૦ ના રોજ ચીફઝોનલ અધિકારી સા.ઈ.ઝોનમાં કરેલી અરજી બાબતે કરેલી કાર્યવાહીની માહિતી તથા તા.૬–૮–૧૦ ના રોજ ચીફ ઝોનલ અધિકારી સા.ઈ.ઝોનને કરેલી ફરીયાદ બાબતે કરેલી કાર્યવાહી માહિતી અથવા કાર્યવાહી ન થયેલ હોય તો જે કારણોસર કાર્યવાહી ન થઈ શકી હોય તેના કારણોની માહિતી અરજીની નકલો સામેલ કરી માંગેલ તથા અરજીના પ્રત્યુત્તર ન આપવાના કારણોની માહિતી માંગતી અરજી સાઉથ ઈસ્ટ લીંબાયતને સંબોધીને સાઉથઝોન ઉધના ખાતે કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૪૪ તા.૨૧–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી સા.ઈ.ઝોન લીંબાયતને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાથી તા.૧૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે તથા જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને અરજદારને અપીલ અરજી ૩૦માં દિવસે કરેલ છે. તે ધ્યાને લેતાં અપીલ કર્યા બાદ જો કોઈ માહિતી કે પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ હોય તો નકલ સહ જણાવવા તથા તે પછી કોઈ વિગતે નારાજગી હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અપીલ તબકકે પૂરી પડાયેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૧–૧૦–૧૦ ના રોજ આપેલ પૂરક વિગતોમાં અરજદારને પત્ર ન.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૬૨૬ તા.૧૧–૧૦–૧૦ થી " તા.૨૩–૭–૧૦ અને તા.૬–૮–૧૦ ની અરજી અન્વયે જણાવવાનું કે કાર્યપાલક ઈજનેર , ડે.ઈજનેર તેમજ જુની. ઈજનેરો વિરુધ્ધ લીંબાયતઝોન તરફથી કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. " તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અરજીઓ બાબતે કર્મચારી વિરુધ્ધની કાર્યવાહી નહીં થવા અંગે કોઈ માહિતી આપેલ નથી કે તેના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર કરેલ નથી. જો બાબત હેઠળના દફતરે કાર્યવાહી નહી કરવા અંગે કોઈ દફતરી વિગતો ઉપલબ્ધ હોય તો તેની માહિતી આપવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી કાર્યવાહી નહીં કરવા અંગેની કોઈ માહિતી દફતરે ઉપલબ્ધ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અન્યથા હકીકતલક્ષી વિગત જણાવવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,